સ્પે.એટ્રો. કેસ નંબરઃ- ૧૨/૨૦૨૨

આંક -૪૧

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ- ૧૨/૨૦૨૨ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૬ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ડો. વસંતકુમાર સગથાભાઈ ચૌધરી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 7069729456 |
| ઉંમર આશરે | ૨૮ | વરસની | ધંધો | પ્રાઈવેટ તબીબી રાજપીપળા |
| રહેવાનુ | રાજપીપળા તા. નાંદોદ | | ડીસ્ટ્રીકટ | નર્મદા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી.. |

(૧) તા.૨૪/૩/૨૨ના રોજ હું મારી ફરજ પર જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે હાજર હતો. ત્યારે સાંજના ૬:૫૦ કલાકે મારી સમક્ષ દર્દી નામે રમેશભાઈ મફાભાઈ પરમાર ઉ.વ. ૩૫ રહે.કંસારી તા.ડીસા જી. બ.કાં. મારી સમક્ષ મારામારીમાં ઈજા પામતા મારી પાસે આવેલા. જેઓને હીસ્ટ્રી પુછતા જણાવેલ કે તા.૨૪/૩/૨૨ના રોજ બપોર પછીના ત્રણ થી ચાર કલાક વાગે કંસારી ગામ તા.ડીસા ખાતે તેઓને ત્રણ થી ચાર શખ્સ દ્વારા શીરોબનાવના ખરપીયાથી માર મારેલ. જેઓને મે તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ આવેલ.

(૧) માથાના આગળના ભાગે ૩×૦.૫ સે.મી.નો છોલાયેલ ઘા હતો.

(૨) ડાબા ખભા ઉપર આશરે ૧૦×૦.૩ સે.મી.નો સીધી લીટીમાં ઘસરકો હતો.

રીપોર્ટ:

મગજનો સી.ટી. સ્કેન તથા ડાબા ખભાનો એક્ષરે નોર્મલ હતો. દર્દીને ઓ.પી.ડી.માં સારવાર આપી રજા આપેલ હતી.

મારા મંતવ્ય પ્રમાણે આ ઈજા તાજી હતી અને સખત અને બોથડ પદાર્થ થઈ શકે તેવી હતી.

ઈજાનો પ્રકાર સાદો અને રીકરવરી સમય આશરે સાત-દશ દિવસ લાગી શકે.જે મતબલનું સર્ટીફીકેટ આપેલુ.

સાહેદની સહી............................

મને માર્ક:૧૦/૭ વાળું મેડીકલ સર્ટીફીકેટ નં.૯૮૨/૨૦૨૨ છે જે મને બતાવવામાં આવે છે, જે મારા સ્વહસ્તાક્ષરથી તૈયાર કરેલ છે અને તેમાં મારી સહી તથા હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૪૨</u>** આપવામાં આવે છે.

તા.૨૪/૩/૨૨ના રોજ હું મારી ફરજ પર જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે હાજર હતો. ત્યારે સાંજના ૬:૫૦ કલાકે મારી સમક્ષ દર્દી નામે રાયચંદભાઈ મફાભાઈ પરમાર ઉ.વ. ૩૫ રહે.કંસારી તા.ડીસા જી. બ.કાં. મારી સમક્ષ મારામારીમાં ઈજા પામતા મારી પાસે આવેલા. જેઓને હીસ્ટ્રી પુછતા જણાવેલ કે તા.૨૪/૩/૨૨ના રોજ બપોર પછીના ત્રણ થી ચાર કલાક વાગે કંસારી ગામ તા.ડીસા ખાતે તેઓને ત્રણ થી ચાર શખ્સ ધ્વારા શીરોબનાવના ખરપીચાથી માર મારેલ. જેઓને મે તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ આવેલ.

(૧) ડાબા કાનાના ભાગે ૧×૦.૫ સે.મી.નો છોલાયેલ ઘા હતો.

(૨) ડાબા ખભાના પાછળના ભાગે આશરે ૬×૨ સે.મી.નો ઘસરકો હતો.

(૩) પીઠના ભાગે આશરે ૧૦×૦.૫ સે.મી.નો સીધીલીટીનો ઘસરકો હતો.

રીપોર્ટ:

જમણી કોણી અને હાથનો એક્ષરે નોર્મલ હતો. દર્દીને ઓ.પી.ડી.માં સારવાર આપી રજા આપેલ હતી.

મારા મંતવ્ય પ્રમાણે આ ઈજા તાજી હતી અને સખત અને બોથડ પદાર્થ થઈ શકે તેવી હતી.

ઈજાનો પ્રકાર સાદો અને રીકરવરી સમય આશરે સાત–બાર દિવસ લાગી શકે.જે મતબલનું સર્ટીફીકેટ આપેલુ.

મને માર્ક:૧૦/૮ વાળું મેડીકલ સર્ટીફીકેટ નં.૯૮૩/૨૦૨૨ છે જે મને બતાવવામાં આવે છે, જે મારા સ્વહસ્તાક્ષરથી તૈયાર કરેલ છે અને તેમાં મારી સહી તથા હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૪૩</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>ઉલટ તપાસ આરોપીઓ તરફે વિ.વ.શ્રી.ડી.જી.તિવારી..</u>**

સાહેદની સહી............................

(૨) એ વાત ખરી છે કે બંન્ને ઈજા પામનારે કયા નામના વ્યકિતએ ઈજા કરેલી એવી કોઈ હકીકત મારી રૂબરૂની કેસ હીસ્ટ્રીમાં જણાવેલ નહી. એ વાત ખરી છે કે બંન્ને ઈજાપામનાર મારી પાસે સારવાર માટે આવેલા ત્યારે તેમના શરીરે પાટાપીડી બાંધેલા ન હતા. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત ડોકટર પાસે સારવાર કરાવે ત્યારબાદ તેની ઈજામાં વધારો થઈ શકે નહી. એ વાત ખરી છે કે રમેશભાઈના સી.ટી.સ્કેન અને એક્ષરે લીધેલા તે તપાસતા તેમાં કોઈ આંતરીક ઈજાઓ જણાઈ આવેલી નહી અને રાયચંદભાઈના એક્ષરે રીપોર્ટ મારફતે શરીરના અંદરના ભાગે કોઈ ઈજાઓ જણાઈ આવેલ ન હતી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત મો.સા. પરથી પડી જાય તો આ પ્રકારની ઈજા સંભવી શકાય છે. એ વાત ખરી છે કે ખરપીયાનો આગળનો ભાગ તિક્ષ્ણ હોય છે. એ વાત ખરી છે કે ખરપીયાથી કોઈ ઈસમને ઈજા કરવામાં આવે તો કપાયેલા ઘા(થ્રો એન્ડ થ્રો) ની ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે બંન્ને ઈજાપામનારને ખરપીયાથી ઈજા થયેલ હોય તેવુ મારી તપાસ દરમિયાન જણાઈ આવેલ ન હતું.

**<u>ઉલટ તપાસ પુરી..</u>**

**<u>વિશેષ ઉલટતપાસ નથી..</u>**

**<u>ફેર ઉલટતપાસ નથી..</u>**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૧/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |

સાહેદની સહી............................